# Video Conference between Joint Secretary (East Asia) and Director General in Chinese Ministry of Foreign Affairs

June 05, 2020

# સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) અને ચીનનાં વિદેશ મંત્રાલયમાં મહા નિર્દેશક વચ્ચે વિડીયો કોન્ફરન્સ

જૂન 05, 2020

સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) શ્રી નવીન શ્રીવાસ્તવ અને ચીનનાં વિદેશ મંત્રાલયમાં મહા નિર્દેશક શ્રી વુ જિયાંગાઓએ 5 જૂન 2020 નાં રોજ વિડીયો કોન્ફ્રન્સ મારફ્ત એક બેઠક યોજી હતી.

બન્ને પક્ષોએ વર્તમાન વિકાસો સહિત દ્વિપક્ષીય સંબંધોની સ્થિતિની સમીક્ષા કરી હતી. આ સંદર્ભમાં તેઓએ બન્ને દેશોનાં નેતાઓ દ્વારા થયેલી સંમતિ યાદ કરી હતી કે, ભારત અને ચીન વચ્ચે શાંતિપૂર્ણ, સ્થિર અને સંતુલિત સંબંધો વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં સ્થિરતા માટે સકારાત્મક પરિબળ બનશે. બન્ને પક્ષો એ બાબત સાથે પણ સંમત થયા હતા કે આગેવાની દ્વારા પ્રદાન કરવામાં આવેલી માર્ગદર્શનનાં અનુપાલનમાં, બન્ને પક્ષોએ તેઓનાં તફાવતોને એકબીજાની સંવેદનશીલતાઓ, ચિંતાઓ અને આકાંક્ષાઓનાં આદરની અગત્યતા અને તેઓને તકરારો ન બનવા દેવાને મગજમાં રાખી શાંતિપૂર્ણ ચર્ચા મારફ્ત ઉકેલવા જોઇએ.

બન્ને પક્ષોએ કોવિડ-19 દ્વારા ઉભા થયેલા પડકારો પર અને વિવિધ બહુપક્ષીય મંચોમાં સહકાર પર પણ દ્રષ્ટિકોણોની આપલે કરી હતી.

**નવી દિલ્હી**
**જૂન 05, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.